# તીર્થગામ યોજના

## રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં કોમી સદ્ભાવ અને ભાઈચારાની ભાવના વધુ પ્રબળ બને તે અંગેની પ્રોત્સાહક યોજના.

ગુજરાત સરકાર
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પસવ-૨૦૦૩-૨૧૦૪-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૧-૭-૨૦૦૪.

ઠ રા વ:-

રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકો વચ્ચે પરસ્પર સદ્ભાવ વધે, કોમી એખલાસની ભાવના વધુ પ્રબળ બને ગામમાં એકતા જળવાય, ગામમાં ટંટા ફરિયાદ ન રહે અને ગામનો સર્વાંગી વિકાસ થાય તેવા ગામ લોકોના પ્રયાસોને ઉત્તેજન આપવાની બાબત સરકાર કક્ષાએ વિચારણા હેઠળ હતી. જે અંતર્ગત પુખ્ત વિચારણાને અંતે સરકાર ગ્રામ્ય વિસ્તારના લોકો માટે નીચે મુજબની તીર્થગામ યોજના જાહેર કરવાનું ઠરાવે છે.

૧. **યોજનાનું નામ અને કાર્યક્ષેત્ર:-**
આ યોજના તીર્થગામ યોજના તરીકે ઓળખાશે.
યોજનાનું કાર્યક્ષેત્ર સમગ્ર રાજ્યનો ગ્રામ્ય વિસ્તાર રહેશે.

૨. **યોજનાના હેતુ:-** આ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારના લોકો, કોમી સદ્ભાવ અને ભાઈચારાની ભાવનાથી રહે તેમજ ગામમાં કોઈ પણ જાતના ટંટા ફરીયાદ ન રહે તે હેતુ છે.

૩. **યોજનાનો લાભ મેળવવાની પાત્રતાનું ધોરણ:-**
આ યોજનાનો લાભ તે ગામ લઈ શકશે, કે જે ગામમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કોઈપણ ગુનો ન નોંધાયો હોય. .

૪. **તીર્થ ગામ બનવા માટેના જરૂરી પ્રબંધો:** રાજ્યનું તીર્થગામ નીચે મુજબના પ્રબંધો પરિપૂર્ણ કરતુ હોવું જોઈએ.

(૧) ગામમાં સમીક્ષાના વર્ષમાં કોઈપણ ફોજદારી ગુન્હો, તકરાર નોંધાયેલ કે કરેલ ન હોવી જોઈએ.

(૨) ગામમાં માદક કે કેફી દ્રવ્યોનુ ઉત્પાદન, વેચાણ કે સેવન થતું ન હોવુ જોઈએ. તેમજ તેના ભંગ અંગેનો કોઈ ગુનો સમીક્ષા વર્ષ કે તે દરમ્યાન નોંધાયેલ ન હોવો જોઈએ.

(૩) ગામ સ્વચ્છ હોવું જોઈએ ગામમાં રસ્તાઓ ઉપર કે પાદરમાં ઉકરડા હોવા જોઈએ નહીં.

(૪) પ્રાથમિક શાળામાં પ્રવેશપાત્ર કન્યાઓનું નામાંકનનું પ્રમાણ સારું હોવું જોઈએ અને વર્ષ દરમ્યાન ધોરણ-૭ સુધીના ડ્રોપ આઉટના કેસોનું પ્રમાણ ઓછું હોવું જોઈએ.

(૫) સમરસ જાહેર થયેલ ગ્રામ પંચાયતોને અગ્રીમતા આપવાની રહેશે.

(૬) ગામના સ્થાનિક પ્રશ્નો અંદર-અંદરની સમજાવટથી, લોક અદાલતની ઉમદા ભાવનાથી સ્થાનિક કક્ષાએ નિકાલ કરવામાં આવતો હોવો જોઈએ.

(૭) ગામના ધાર્મિક સ્થાનો અંગે ગામમાં કોઈ વિવાદ ચાલતો ન હોવો જોઈએ કે થવો ન જોઈએ.

(૮) ગામમાં દલિત અને આદિવાસી વિસ્તારમાં ગામમાં અન્ય વિસ્તારમાં મળતી પ્રાથમિક સુવિધાઓ જેવી જ સુવિધાઓ ઉપલબ્ધ થયેલી હોવી જોઈએ.

(૯) ગામમાં જળસંચય યોજના હેઠળ ખેત તલાવડી /બોરીબંધ બનાવવામાં સારી સિધ્ધિ હાંસલ કરેલી હોવી જોઈએ.

(૧૦) ગામમાં મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ ગ્રામજનોએ તિથિઓ નોંધાવવામાં( શાળાના ઓરડાઓ, સાધનો વિગેરે ) ભાગીદારી લીધેલ હોવી જોઈએ.

(૧૧) ગામમાં અસ્પૃશ્યતા નિવારણનો ચુસ્ત અમલ થતો હોવો જોઈએ.

## ૫. તીર્થગ્રામ બનવા માટે માર્કસનુ ધોરણ :-

તીર્થગ્રામ યોજના હેઠળ ગ્રામ પંચાયતની પસંદગી માટે નીચે મુજબનુ ૧૦૦ માર્કસનુ ધોરણ રાખવામાં આવે છે.

| અ | વિચારણામાં લેવાપાત્ર ઘટના / બાબત | | મહત્તમ મળવાપાત્ર ગુણ- ૫૦ |
|---|---|---|---|
| ૧ | જે ગામમાં નીચેના કાયદા હેઠળ કોઈ કેસ થયેલ કે નોંધાયેલ ન હોય<br>૧. ફોજદારી (ક્રીમીનલ પ્રોસીજર કોડ) (અસ્પૃશ્યતા નિવારણ)<br>૨. ઈન્ડીયન પીનલ કોડ (આઈ.પી.સી.)<br>૩. નાર્કોટીક્સ એક્ટ<br>૪. જુગાર ધારો<br>૫. ધી બોમ્બે પ્રોહિબીશન એક્ટ, ૧૯૪૯ | ૧ છેલ્લા ૫ વર્ષ દરમ્યાન એક પણ ગુનો ન નોંધાયેલ હોય તેવા ગામો | ૪૦ |
| | | ૨. પાંચ વર્ષથી વધુ અને છ વર્ષ સુધી એક પણ ગુનો ન નોંધાયેલ હોય તેવા ગામો | ૪૩ |
| | | ૩. છ વર્ષથી વધુ અને સાત વર્ષ સુધી એક પણ ગુનો ન નોંધાયેલ હોય તેવા ગામો. | ૪૬ |
| | | ૪. સાત વર્ષથી વધુ અને આઠ વર્ષ સુધી એક પણ ગુનો ન નોંધાયેલ હોય તેવા ગામો. | ૫૦ |
| બ. | વિચારણામાં લેવાપાત્ર અન્ય ઘટના / બાબતો. | મળવાપાત્ર મહત્તમ ગુણ | ૫૦ |
| ૧. | જે ગામોમાં નીચેની બાબતોનું પાલન થતું હોય.<br>૧. અસ્પૃશ્યતા નિવારણ<br>૨. ધાર્મિક સ્થાનો અંગે કોઈ વિવાદ ન હોય<br>૩. લોક અદાલત ધોરણે સ્થાનિક કેસો / પ્રશ્નોનો નિકાલ<br>૪. પ્રાથમિક સુવિધાઓ (અ.જા. /અ.જ.જા. વિસ્તાર)<br>૫. ગ્રામ સ્વચ્છતા | <br>૦૨<br>૦૨<br>૦૨<br>૦૨<br>૦૨ | ૧૦ |
| ૨. | ગ્રામ્ય કક્ષાએ જળસંચય અંગેની કામગીરી<br>૧. ચેકડેમ દ્વારા<br>૨. ખેત તલાવડી દ્વારા<br>૩. બોરીબંધ દ્વારા<br>અંગેની કામગીરી પૂર્ણ કરેલ હોય.<br>(જિલ્લા મોનીટરીંગ સમિતિએ ધોરણ નક્કી કરવાના રહેશે) | <br>૦૪<br>૦૩<br>૦૩ | ૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૩. | શિક્ષણમાં ગ્રામ કક્ષાએ લોક ભાગીદારી ધ્વારા – | ૧૦ | ૧૦ |
| | ૧. વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં ગામમાં રહેતા ગ્રામજનોની લોકભાગીદારી.<br>૨. દાનમાં શિક્ષણ વિષયક સાધનો નિશાળોને આપવામાં ગામમાં રહેતા ગ્રામજનોની લોકભાગીદારી (સ્કુલનો રૂમ,કોમ્પ્યુટર,અન્ય સાધનો વિગેરે)<br>૩. મધ્યાહન ભોજન યોજના તળે નોંધાયેલ તિથિભોજનમાં ગામની લોકભાગીદારી. (જિલ્લા મોનીટરીંગ સમિતિએ ધોરણો નકકી કરવાના રહેશે ) | ૦૪<br>૦૩<br><br><br><br>૦૩ | |
| ૪ | ગામમાં પ્રાથમિક શાળાઓમાં કન્યાઓના નામાંકન અંગેનું ધોરણ.<br>૧.ગામમાં કન્યાઓના નામાંકનનું ધોરણ ૭૫ ટકા સુધી હોય તો<br>૨. ગામમાં કન્યાઓના નામાંકનનું ધોરણ ૮૦ ટકા સુધી હોય તો<br>૩. ગામમાં કન્યાઓના નામાંકનનું ધોરણ ૮૫ ટકા સુધી હોય તો<br>૪. ગામમાં કન્યાઓના નામાંકનનું ધોરણ ૯૦ ટકા સુધી હોય તો<br>૫. ગામમાં કન્યાઓના નામાંકનનું ધોરણ ૯૫ ટકા સુધી હોય તો<br>૬. ગામમાં કન્યાઓના નામાંકનનું ધોરણ ૯૬ ટકા સુધી હોય તો<br>૭. ગામમાં કન્યાઓના નામાંકનનું ધોરણ ૯૭ ટકા સુધી હોય તો<br>૮. ગામમાં કન્યાઓના નામાંકનનું ધોરણ ૯૮ ટકા સુધી હોય તો<br>૯. ગામમાં કન્યાઓના નામાંકનનું ધોરણ ૯૯ ટકા સુધી હોય તો<br>૧૦. ગામમાં કન્યાઓના નામાંકનનું ધોરણ ૧૦૦ ટકા સુધી હોય તો | ૧૦<br><br>૦૧<br>૦૨<br>૦૩<br>૦૪<br>૦૫<br>૦૬<br>૦૭<br>૦૮<br>૦૯<br>૧૦ | ૧૦ (આદિવાસી વિસ્તારો માટે નિયત થયેલ ધોરણોમાં ૫૦ ટકા માર્કસની છૂટછાટ આપવાની રહેશે.) |
| ૫. | પ્રાથમિક શાળામાં પ્રવેશપાત્ર બાળકોના ડ્રોપઆઉટની બાબત.<br>૧. ૦ ટકા ડ્રોપ આઉટ<br>૨. ૧ થી ૫ ટકા ડ્રોપ આઉટ<br>૩. ૬ થી ૧૦ ટકા ડ્રોપ આઉટ<br>૪. ૧૧ થી ૧૫ ટકા ડ્રોપ આઉટ<br>૫. ૧૫ થી ૨૦ ટકા ડ્રોપ આઉટ | ૦૫<br><br>૦૫<br>૦૪<br>૦૩<br>૦૨<br>૦૧ | ૦૫ (આદિવાસી વિસ્તારો માટે નિયત થયેલ ધોરણોમાં ૫૦ ટકા માર્કસની છૂટછાટ આપવાની રહેશે.) |
| ૬. | જે તે ગામની ગ્રામ પંચાયત સમરસ થયેલ હોય | ૦૫ | ૦૫ |

૬. યોજનાનું અમલીકરણ:-

આ યોજનાના અમલીકરણ માટે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.
આ સમિતિનું નામ તીર્થગ્રામ યોજના અમલીકરણ સમિતિ રહેશે. જે સમિતિ જિલ્લા કક્ષાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | કલેકટરશ્રી | અધ્યક્ષ |
| ૨. | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | ઉપાધ્યક્ષ |
| ૩. | જિલ્લા પોલીસ વડા | સભ્ય |
| ૪. | સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રોહીબીશન એન્ડ એક્સાઈઝ | સભ્ય |
| ૫. | નાયબ જિલ્લા પોલીસ અધિકારીશ્રી (એસ.સી) | સભ્ય |
| ૬. | જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી (રાજ્ય) | સભ્ય |
| ૭. | જિલ્લા તકેદારી અધિકારીશ્રી | સભ્ય |
| ૮. | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| ૯. | સ્વૈચ્છિક સંસ્થાના બે પ્રતિનિધિ( કલેકટર નક્કી કરે તે) | સભ્ય |
| ૧૦. | જિલ્લા સામાજીક ન્યાય સમિતિના ચેરમેનશ્રી | સભ્ય |
| ૧૧. | નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | સભ્ય |
| ૧૨. | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત) | સભ્ય સચિવ |

(૭) સમિતિના કાર્યો :-

૧. તીર્થ ગ્રામ યોજના હેઠળની માહિતી ગ્રામ પંચાયતોની પસંદગીના હેતુ માટે ગ્રામ પંચાયતે આ સાથે સામેલ રાખેલ નમૂનામાં માહિતી ભરીને તે સબંધિત તાલુકા વિકાસ અધિકારીને પ્રત્યેક નાણાંકીય વર્ષની ૩૦ મી એપ્રિલ સુધીમાં મોકલવાની રહેશે.

૨. આ યોજના માટે આવેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી જે તે તાલુકાના મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી મારફત કરાવવામાં આવશે. ત્યારબાદ ચકાસેલી અરજીઓ અમલીકરણ સમિતિની બેઠકમાં રજુ કરવામાં આવશે.

૩. સમિતિ ચર્ચા વિચારણા કર્યા બાદ જરુર જણાયે સ્થળ ચકાસણી કરી શકશે,
તેમજ જે તે કચેરીનું રેકર્ડ નિરીક્ષણ કરી શકશે.

૪. સમિતિનો નિર્ણય આખરી રહેશે.

૫. આ યોજના માટે સમીક્ષા કરવાનો ગાળો એક વર્ષનો રહેશે અને તે નાણાંકીય વર્ષ રહેશે.

(૮) આ યોજના હેઠળ ઓછામાં ઓછા ૫૦ ( પચાસ ) અંક / માર્કસ ધરાવતી ગ્રામ પંચાયતોને તીર્થ ગ્રામ જાહેર કરવામાં આવશે. આદિવાસી વિસ્તારની ગ્રામ પંચાયતો માટે આ ધોરણ ૪૫ માર્કસનું રાખવાનું રહેશે.

(૯) આ યોજના હેઠળ પસંદ થયેલ પ્રત્યેક ગામને તીર્થગ્રામ જાહેર કરી રૂ. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ) પુરસ્કાર આપવામાં આવશે.

(૧૦) આ યોજના અન્વયે મળેલ પુરસ્કારની રકમનો ઉપયોગ સબંધિત ગ્રામ પંચાયતે ગ્રામસભાએ નક્કી કરેલ વપરાશના ધોરણો મુજબ કરવાનો રહેશે. આ યોજનાના નાણાંકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ના પુરસ્કાર નાણાંકીયવર્ષ ૨૦૦૪-૨૦૦૫ માં નક્કી કરીને આપવાનો રહે છે. આ સંદર્ભે જરુરી પ્રક્રિયા તુર્ત જ હાથ ધરવાની રહેશે.

(૧૧) આ યોજના હેઠળ ચાલુ વર્ષે મંજૂર થયેલ બજેટ જોગવાઈમાંથી ખર્ચ કરવાનો રહેશે. આ યોજના માટેનું નવું બજેટ સદર હવે પછી ખોલવામાં આવશે જે બજેટ સદર હેઠળ ખર્ચ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર ગૃહ વિભાગની તા.૧૭-૩-૦૪ ની નોંધથી અને નાણા વિભાગની તા.૨૭-૩-૦૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે. એચ. કનોજીયા )
સંયુક્ત સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

૧. માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
૨. માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી.
૩. માન. મંત્રીશ્રી- રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી.

૪. સચિવાલયના સર્વે વિભાગો.
૫. સર્વે કલેકટરશ્રીઓ.
૬. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
૭. એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ- રાજકોટ.
૮. ચેરમેનશ્રી, જિલ્લા સામાજીક ન્યાય સમિતિ, જિલ્લા પંચાયત (સર્વે)
૯. સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ(રાજ્ય)
૧૦.સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (એસ.પી.)
૧૧.સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
૧૨.સર્વે નાયબ જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ (એસ.પી.)
૧૩.સુપ્રિન્ટેન્ડેન્ટ, પ્રોહીબીશન એન્ડ એકસાઈઝ (સર્વે)
૧૪.સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
૧૫.વિભાગની સર્વે શાખાઓ.
૧૬.નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.
૧૭.સિલેકટ ફાઈલ.

---

## તીર્થ ગ્રામ જાહેર થવા માટે માહિતી મોકલવાનો નમૂનો

| | | |
|---|---|---|
| ૧. | ગામનું નામ | |
| ૨. | તાલુકાનું નામ | |
| ૩. | જિલ્લાનું નામ | |
| ૪. | છેલ્લી વસ્તી ગણતરી મુજબ ગામની કુલ વસ્તી<br>(અ) તે પૈકી પુરૂષની સંખ્યા<br>(બ) તે પૈકી સ્ત્રીઓની સંખ્યા | |
| ૫. | ગામની કુલ વસ્તી પૈકી<br>(અ) અનુસૂચિત જાતિની સંખ્યા<br>(બ) અનુસૂચિત જનજાતિની સંખ્યા | |
| ૬. | ગામમાં છેલ્લા પાંચ વર્ષમાં કોઈ પણ કાયદા નીચે કોઈ ગુન્હા નોંધાયેલ છે કે કેમ ? હા કે ના જો હા, તો ગામમાં આવા થયેલા કેસની ટૂંકી વિગતો દર્શાવવી. | |
| ૭. | ઉપરોક્ત બાબતો સિવાય અન્ય કોઈ કાયદા નીચે પોલીસ રાહે ફરીયાદ નોંધાયેલ છે કે કેમ ? | |
| ૮. | ગામમાં નશાકારક પદાર્થો, કેફી પદાર્થોનું ઉત્પાદન / વેચાણ થાય છે ? | |
| ૯. | ગામમાં સાક્ષરતાનું પ્રમાણ. | |
| ૧૦. | ગામે કન્યા કેળવણી અંગે શું પરિસ્થિતિ છે ? | |
| ૧૧. | શાળામાં દાખલ થવા પાત્ર તમામ બાળકોએ શાળામાં પ્રવેશ મેળવેલ છે ? શાળામાં દાખલ થયા બાદ પ્રાથમિક સુધી શાળામાંથી ભણતર છોડી દીધેલ કોઈ કિસ્સો બનેલ છે કે કેમ ? જો હા તો તેના કારણો અને સંખ્યા દર્શાવવી. (શાળાના આચાર્યનું પ્રમાણપત્ર સામેલ રાખવું) | |
| ૧૨. | ગામ સમરસ જાહેર થયેલ છે, તેના આધાર પુરાવા. | |
| ૧૩. | ગામમાં તથા ગામની આજુબાજુ પ્રવેશ માર્ગ સહિત ઉકરડા, ગંદા પાણીના ખાબોચિયા, ખુલ્લી નીક વિગેરે હયાત છે કે કેમ ? આ બાબતો અટકાવવા કરેલ કાર્યવાહી તથા ફરીથી થાય નહી તે અંગે તકેદારી રાખવા શું આયોજન કરેલ છે ? | |
| ૧૪. | ગામે જાહેર સ્થળો જેવા કે કુવા, તળાવ, ધાર્મિક સ્થળ, સભાસ્થાન વિગેરે પર સર્વ નાત-જાત માટે પ્રવેશ /વપરાશ સમાનતાના ધોરણે થાય છે ? | |
| ૧૫ | જળસંચય યોજના હેઠળ ખેત તલાવડી /બોરીબંધ તબે ગામ ધ્વારા પ્રાપ્ત કરેલ સિધ્ધિ. | |
| ૧૬. | ગામે પાયાની સવલતો અને પ્રાથમિક જરૂરીયાતો દલિત વિસ્તારો સુધી પુરી પાડવામાં આવેલ છે કે કેમ ? | |
| ૧૭ | ગામે આ સિવાય અન્ય કોઈ બાબતો જેવી કે કોમી એકતા, સંવાદિતાને પ્રબળ બનાવે, ભાઈચારો વધે તેવા કોઈ પ્રેરક પ્રસંગો /કાર્યો હોય તો તે પણ દર્શાવવા. | |

તારીખઃ-   /   /૨૦૦૪

(સહી)
સરપંચ
................ગ્રામ પંચાયત
................તાલુકો
................ જિલ્લો

(સહી)
ગ્રામ પંચાયત મંત્રી
..........ગ્રામ પંચાયત
...............તાલુકો
............... જિલ્લો

પ્રતિ,
કલેકટરશ્રી
....................

<u>નોંધઃ-</u>

આ માહિતી પ્રત્યેક નાણાંકીય વર્ષ માટે દરેક પાત્રતા ધરાવતી ગ્રામ પંચાયતે ૩૦ એપ્રિલ સુધીમાં સબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે. તાલુકા વિકાસ અધિકારીશ્રી /મામલતદારશ્રી સંયુક્ત રીતે ચકાસણી કરી પોતાના સ્પષ્ટ અભિપ્રાય સાથે દરખાસ્ત કલેકટરશ્રીને રજુ કરશે.